બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :



# યહોશુઆ નવી જવાબદારી લે છે

લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Janie Forest

અનુકૂલન : Ruth Klassen
Alastair P.
ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2020 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

હવે મુસા મરી ગયો હતો.
યહોશુઆને ખબર હતી કે ઈશ્વરે
તેને ઈસ્રાએલ પ્રજાને દોરવા માટે
પસંદ કર્યો છે. યહોશુઆએ
પોતાનું લશ્કર તૈયાર
કર્યું તે પહેલા
તેણે પોતાની
જાતને તૈયાર
કરવાની હતી.



જો તેઓ ઈશ્વરની આજ્ઞાને
આધિન થશે તો ઈશ્વરે તેમને
જીત તથા જમીન આપવા
માટે વચન આપ્યું.





ઈસ્રાએલ લોકોએ યહોશુઆ અને ઈશ્વરના વચન પાછળ ચાલવા માટે વચન આપ્યું. નવા આગેવાનોએ જ્ઞાનનો ઉપયોગ કરીને કનાન દેશના ઘરોમાં શહેરની બાતમી કાઢવા માટે જાસૂસો મોકલ્યા. ઈસ્રાએલની પ્રથમ લડાઈ ત્યાં જ લડાવાની હતી.



યરીખોના રાજાને કોઈએ ખબર આપી કે
તેના શહેરમાં જાસૂસો બાતમી કાઢવા માટે આવ્યા છે.
તેણે સૈનિકો મોકલ્યા જેથી તેને શોધી શકે. આ માટે
રાહાબના ઘરમાં શોધ કરવામાં આવી. કારણ કે તેઓ
ત્યાં રહ્યાં હતાં. સૈનિકોએ જોરથી દરવાજો ખટખટાવ્યો.
રાહાબે ઝડપથી તેમને શણના ઢગલામાં સંતાડી દીધા.

જ્યારે સિપાઈઓ
જતા રહ્યાં ત્યાર
પછી રાહાબે કિરમજી
રંગની દોરડી લઈને તે
માણસોને શહેરના કોટ
પરથી નીચે ઉતારી
દીધા. શા માટે તેણે
જાસૂસોને મદદ કરી?



કારણ કે તેને ખબર હતી કે ઈશ્વર તેમની સાથે હતો. તે ઈચ્છતી હતી કે ઈશ્વર તેણીના જીવનને ઉગારી લે. જાસુસોએ રાહાબ અને તેના કુટુંબને વચન આપ્યું હતું કે તે તેમને બચાવી લેશે.




યરોખોના શહેરમાં પહોંચ્યા પહેલા ઈસ્રાએલી પ્રજાને
યરદન નદી ને ઓળંગવાની હતી, કે જ્યાં વચનની
ભૂમિ કનાન આવેલી હતી. પણ ત્યાં કોઈ પુલ નહોતો!
હવે તેઓ કેવી રીતે આ નદી પાર કવાના હતા?

ઈશ્વરે યહોશુઆને કહ્યું કે, યાજકો, સૈનિકો અને લોકોની આગેવાની કરશે. તેઓ કરારકોશ લઈને જશે, જેમાં દસ આજ્ઞાઓની શિલાપાટીઓ મૂકવામાં આવી હતી. જ્યારે યાજકોના પગ યરદન નદીના પાણીને અડક્યા કે તરત જ એક ચમત્કાર સર્જાયો. ઈશ્વરે



જ્યારે તેઓ યરદન નદીની પાર નીકળી ગયા ત્યારબાદ તેમણે બાર મોટા પથ્થર લીધા. અને તેને નદીના પટમાં મૂક્યા, ત્યારબાદ બીજા બાર પથ્થર લઈને તેઓને નદીને કિનારે મૂક્યા.



આ મુકવાનું મુખ્ય કારણ એ હતું જેથી ભવિષ્યની પેઢી, આ ઈશ્વરના મહાન સામર્થ્ય તથા પ્રેમને જાણી શકે.



યરોખો શહેરની આસપાસ મજબૂત
તથા જાડી દિવાલ હતી.
જ્યારે યહોશુઆ આ હુમલાનું
આયોજન કરી રહ્યો હતો ત્યારે
ઈશ્વરે પોતાના સૈન્યના
એક મુખ્ય દૂતને મોકલીને
કહાવ્યું કે ઈસ્રાએલના
નવા આગેવાન ઈશ્વર આ
યુદ્ધ તેના લોકો માટે લડીને
વિજય પ્રાપ્ત કરશે.



ઈશ્વરે યહોશુઆને સમજાવ્યું કે તે કેવી રીતે યરોખો પર હુમલો કરશે. આ યોજના થોડી વિચિત્ર હતી. ઈશ્વરે તેમને કહ્યું કે તેના લોકો છ દિવસ સુધી દરરોજ એક વાર આ શહેરની પ્રદક્ષિણા કરશે, ...



... અને સાતમે દિવસે તેઓએ આ શહેરની
સાત વાર પ્રદક્ષિણા કરવાની રહેશે. ત્યારબાદ
તેઓએ રણશીંગડા ફૂંકીને મોટો અવાજ કાઢવાનો
હતો અને જુઓ કે શહેરની દિવાલ તૂટી પડશે.

યહોશુઆ અને તેના સૈન્યએ, જેમ ઈશ્વરે તેમને આજ્ઞા આપી તે જ પ્રમાણે કર્યું. કદાચ ત્યાંના લોકો તેમની પર હસ્યા હશે.

7





પણ સાતમાં દિવસની સાતમી પ્રદક્ષિણા પછી જયારે
યાજકોએ રણશીંગડુ વગાડ્યું, ત્યારે જેમ
ઈશ્વરે આજ્ઞા કરી હતી તે જ પ્રમાણે



યરોખો શહેરની દિવાલ
કડડભૂસ કરતી નચી
ધરાસયી પડી.






ફક્ત રાહાબના ઘરની આગળની
જ દિવાલ સલામત હતી. કારણ
કે તેણે તેની બારી આગળ એક
કિરમજી રંગની દોરી બાંધી હતી.


યહોશુઆ તથા તેના લોકોએ રાહાબ
અને તેના કુટુંબને બચાવી લીધું.
ત્યારબાદ ઈશ્વરની આજ્ઞા પ્રમાણે
યરોખો શહેરનો નાશ કરવામાં આવ્યો.



યહોશુઆએ ઈશ્વરના
આદરમાં યરોખોનું બધું સોનુ, ચાંદી તથા
બધો ખજાનો ઈશ્વરની સેવા માટે અર્પણ કરી
દીધું. ત્યારબાદ તેણે આ શહેરને શ્રાપ આપ્યો
કે આ ભૂંડા શહેરને કદી કોઈ બનાવે નહી.


આ પછી તરત જ કનાન
દેશમાં ખબર પહોંચી ગઈ કે
યહોશુઆએ કેવી રીતે યરોખોને હરાવી
દીધું હતું. તેઓને ખબર પડી હતી કે
ઈશ્વર તેમના લોકોની સાથે હતો.

યહોશુઆ નવી જવાબદારી લે છે

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

યહોશુઆ ૧-૬

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

# સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ
બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે
પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે
વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે.
ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે
તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની
માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે
તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ
વાત કરો યોહાન ૩:૧૬